# ફી માફી માટે નિતી-નિયમોનો ખરડો :-

૧) ફક્ત શિક્ષણ ફી જ માફી આપવાની રહેશે. અન્ય કોઇપણ પ્રકારની ફી માફીને પાત્ર રહેશે નહિ.

૨) જે વાલીની કૌટુંબિક વાર્ષિક આવક રૂ. ૨,૦૦,૦૦૦/= અને તેનાથી ઓછી હોય તે વિદ્યાર્થીનીને શિક્ષણ ફીની રકમને ધ્યાને લઇ માફી(%) આપવી.

૩) વીજળી વપરાશનું બીલ માસિક મહત્તમ રૂ. ૧૫૦૦/= સુધી ધ્યાનમાં લેવાનું રહેશે. તેનાથી વધુ બીલ હોય, તો તે ફી માફીને પાત્ર રહેશે નહિ.

૪) જે વિદ્યાર્થીનીના માતાશ્રી અથવા પિતાશ્રીમાંથી કોઈપણ એક વાલી હશે. તેમાંથી જે વાલી વિદ્યાર્થીનીનું ભરણપોષણનો ખ્યાલ રાખતા હશે તે વાલીની આવક ધ્યાને લેવાની રહેશે.

૫) જે વિદ્યાર્થીનીના માતાશ્રી અને પિતાશ્રી બંને ન હોય અને જે વાલી વિદ્યાર્થીનીનું ભરણપોષણ/જવાબદારી લેતા હોય તે વાલીની વાર્ષિક આવકને ધ્યાને લેવાની રહેશે. / મા-બાપ વગરની વિદ્યાર્થીનીને સાચવનાર વાલીની વાર્ષિક આવક વધુ હોય તો, તે વાલીને રૂબરૂ મુલાકાત માટે બોલાવી ચર્ચા કરવી.

૬) ખાસ કેસ તરીકે કરવામાં આવતી ભલામણો માન્ય રહેશે નહી.

૭) જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓ/વાલીઓ પાસે સંસ્થાનાં ફી માફી માટેના નિયત અરજીપત્રક જરૂરી દસ્તાવેજો સાથે સંપૂર્ણ વિગત સાથે ભરાવવું.

૮) અરજી પત્રકમાં માંગ્યા મુજબના દસ્તાવેજો/પ્રમાણપત્રો અરજીપત્રક સાથે મેળવી લેવા અને અરજીપત્રક સાથે બિડાણ કરવા.

૯) અધુરી વિગત અને બિડાણ વિનાનું અરજી પત્રક માન્ય રાખવું નહિ.

૧૦) વિદ્યાશાખાને મળેલ અરજી પત્રક સંપૂર્ણ વિગત-દસ્તાવેજો જોઈ-ચકાસી-તપાસીને લેવું.

૧૧) ફી માફી માટે અરજીપત્રક ભરનાર વિદ્યાર્થીનીને અન્ય કોઈ બીજી સંસ્થા/ટ્રસ્ટમાંથી ફી સહાય મેળવી હોય તેમજ સરકાર દ્વારા મળતી સ્કોલરશીપ મેળવી હોય, તે વિદ્યાર્થીનીને ફી માફી મળવાપાત્ર રહેશે નહિ. જેની ચકાસણી વખતે ધ્યાન રાખવાનું રહેશે.

૧૨) ફી માફી માટે અરજી પત્રક ભરનાર વિદ્યાર્થીનીની શાળામાં હાજરી, શિસ્ત, પરીક્ષાના પરિણામને ધ્યાનમાં લેવાનું રહેશે.

૧૩) વર્ગ શિક્ષકે ચકાસણી કરેલ અરજી પત્રક પર પોતાની નોંધ/અભિપ્રાય આપવાનો રહેશે અને પોતાનું નામ લખી સહી કરવાની રહેશે.

૧૪) વર્ગ શિક્ષકે પોતાની નોંધ/અભિપ્રાય સાથે રજૂ કરેલ અરજી પત્રક પર ફી માફી આપવા બાબતે આચાર્યા/વડાએ લેખિત અભિપ્રાય/ભલામણ કરવાની રહેશે અને પોતાનું નામ લખી સહી કરવાની રહેશે.

૧૫) શિક્ષણ ફી માફીને પાત્ર વિદ્યાર્થીનીઓની તમામ અરજીપત્રક ફોરવર્ડીંગ પત્ર સાથે જે તે વિદ્યાશાખાના આચાર્યા/ વડાઓએ સંસ્થાને લેખિત જાણ કરવાની રહેશે.

૧૬) જે તે વિદ્યાશાખાના આચાર્યા/વડાઓ તરફથી સંસ્થાને મળેલ અરજીપત્રકોની સંસ્થા કાર્યાલયમાં ચકાસણી કરી સંસ્થાના નીતિ-નિયમોને ધ્યાને લઇ મળવાપાત્ર શિક્ષણ ફી માફી રકમ(%) સાથે જરૂરી નિર્ણય માટે કમિટી સમક્ષ રજૂ કરવાનું રહેશે. અને કમિટિએ જેની ફી માફી મંજુર કરી હોય, તેની યાદી જાણ માટે જે તે વિદ્યાશાખાના આચાર્યા/વડાને મોકલવાની રહેશે.